| | |
|---|---|
| આંક | :– |
| દાખલ થયા તારીખ | :– ૨૪/૧૦/૨૦૧૭ |
| રજીસ્ટરે લીધા તારીખ | :– ૨૪/૧૦/૨૦૧૭ |
| નિકાલ થયા તારીખ | :– ૩૦/૦૩/૨૦૧૮ |
| સમય | :– |

———————————————

વર્ષ– , માસ– , દિવસ–

———————————————

**<u>નામદાર શ્રી ચોથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, રાજકોટ.</u>**

**<u>ફોજદારી કેસ નંબરઃ– ૧૦૬૩૫/૨૦૧૭.</u>**
(ભકિતનગર પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં. ૬૦/૨૦૧૭)

**શ્રી સ ર કા ર.** **:::::::: ફરિયાદી.**

<u>વિ રૂ દ્ધ</u>

**સંજયભાઈ ભાનુશંકરભાઈ દવે**
જાતે–બ્રાહમણ,ઉ.વ.૪૬,
રહે. 'સતી કૃપા', મેહુલ નગર શેરી નં.૬,
કોઠારીયા રોડ, રાજકોટ. **::::: આરોપી.**

ગુન્હો :– <u>ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો...</u>

ફરિયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી બી. એન. શુકલ.
આરોપી તરફે : વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એ.વી.પોખીયા

**<u>– : ચુ કા દો : –</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૬/૮/૨૦૧૭ ના કલાક ૧૦:૦૦ ના સુમારે મેહુલનગર શેરી નં.૭, રાજકોટમાં આ કામના આરોપીએ, આ કામના ફરીયાદી કે જેઓ તેમના સગા નાના ભાઈ થતા હોય અને ઘરમાં પડેલ જુનો ભંગાર વેંચવા બાબતે ઝઘડો કરી, ફરીયાદીને ગાળો આપી, ઢીકાપાટુનો માર મારતા, ફરિયાદી પડી જતા ડાબા હાથના કાંડાના ભાગે ઈજા થયેલ અને ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી

આપી ગુન્હો કરેલો, જે બનાવ બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ રાજકોટ શહેર ભકિતનગર પોલીસ–સ્ટેશનમાં આપેલ.

(૨) સદર ફરીયાદ રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.સેકન્ડ–૬૦/૨૦૧૭, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ નોંધાવતા ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૩) ચાર્જશીટ અત્રેની અદાલતમાં આવતા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આંક–૬થી તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૭ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાનો ગુનો કબુલેલ ન હોઈ અને કેસની ન્યાયીક કાર્યવાહીની માંગણી કરેલ હોય આરોપી સામે આ કેસની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદી તેમજ આરોપીએ તેઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોઈ, સંયુકત રીતે આંક–૮થી સમાધાન કરવા પરવાનગી માંગી, આંક–૯થી સમાધાન પુરસીસ રજૂ કરેલ છે, જે મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪ના ગુના સબબની સમાધાન પુરસીસ રજૂ કરેલ છે, તે હેઠળ કરવામાં આવેલ હુકમ મુજબ આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪ મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ. જયારે બાકીનાં ગુન્હાના કામે કાર્યવાહી આગળ ચલાવવાનો આદેશ કરવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારુ નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>–: મૌખીક પુરાવા :–</u>**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી નરેન્દ્રભાઈ ભાનુશંકરભાઈ દવેની જુબાની | ૧૦ |
| ૨. | સાહેદ દેવાંગભાઈ કિશોરભાઈ જાનીની જુબાની | ૧૨ |

**<u>–: દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |

| | | |
|---|---|---|
| ૨. | સ્થાનીક જગ્યાનુ પંચનામું. | ૧૩ |
| ૩. | મેડીકલ સર્ટીફીકેટ. | ૧૪ |

ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરેલા છે. આ સિવાય બીજા કોઈ પુરાવા રજુ કરવા નથી તેવું ફરીયાદપક્ષે આંક–૧૫ થી પુરાવા બંધની પુરસીસ આપી જણાવેલ છે.રજુ કરેલ પુરાવા અનુસંધાને આરોપીઓનું વિશેષ નિવેદન નોંધતા તેમની સામે ખોટો કેસ કરેલાનો બચાવ લીધેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**(૫)** ઉપરોકત હકીકતોએ મારી સમક્ષ આ કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ સાબીત કરે છે કે, તા.૨૬/૮/૨૦૧૭ ના કલાક ૧૦:૦૦ ના સુમારે મેહુલનગર શેરી નં.૭, રાજકોટમાં આ કામના આરોપીએ, આ કામના ફરીયાદી કે જેઓ તેમના સગા નાના ભાઈ થતા હોય અને ઘરમાં પડેલ જુનો ભંગાર વેંચવા બાબતે ઝઘડો કરી, ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો શીક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલો છે ?

(૨) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** મારા ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**/// કા ર ણો ///**

**મુદ્દા નંબર–૧:–**

**(૮)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આ કામના ફરિયાદી નરેન્દ્રભાઈ ભાનુશંકરભાઈ દવેને આંક–૧૦થી તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, આશરે ત્રણ–ચાર મહિના પહેલા બનાવના દિવસે ભંગાર બાબતે તેઓને બોલાચાલી થયેલી, તે બાબતે તેઓએ ફરિયાદ આપેલી. જેમાં સહી ઓળખી બતાવી આકં–૧૧ થી રજુ કરેલ છે. વિશેષમાં જણાવે છે કે, આરોપીએ તેમને માર મારેલ નહી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આરોપી તેમના નાના ભાઈ થાય છે અને તેઓ બન્ને વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી.

બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઘરમાં પડેલ સામાન વેંચવા બાબતે તેઓને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નહી. તેમજ તેઓએ સામાન્ય બોલાચાલીની ફરીયાદ કરેલી. પોલીસ ે ફરીયાદમાં શું લખેલ તે તેમને વંચાવેલ નહી અને સહી કરવાનુ કહેતા માત્ર સહી કરી આપેલ. આરોપીએ તેમને મારકૂટ કરેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

(૯) ત્યારબાદ આ કામે સાહેદ દેવાંગભાઈ કિશોરભાઈ જાનીને આંક–૧૨થી તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બનાવ વખતે ફરીયાદીના ઘરની બાજુમાં હેતા હતા અને ઝઘડાનો અવાજ સાંભળી ત્યાં જઈને કહેલ કે 'ઝઘડો કરો નહિં અને શાંતીથી રહો'. બીજા દિવસે તેમને જાણવા મળેલ કે પોલીસ કેસ થયેલ છે અને તેમાં તેમનુ નામ છે જેથી તેઓ પોલીસ–સ્ટેશને ગયેલ. આરોપી અને ફરીયાદી વચ્ચે કોઈ મારામારી થતી ન હતી તેમજ આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ ન હતી.

બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સમક્ષ તેઓએ સામાન્ય ઝઘડાની હકીકત લખાવેલ હતી. તેમજ પોલીસે માત્ર નામ સરનામુ લખેલ, નિવેદનમાં શું લખેલ તેની તેમને ખબર નથી.

(૧૦) આમ, ફરીયાદપક્ષે આ કામે મૂળ ફરિયાદી તથા સાહેદને તપાસવામાં આવેલ છે. આ કામના ફરીયાદી કે જેઓ ભોગ બનનાર અને બનાવ નજરે જોનાર સાહેદ છે તેઓની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતે આપેલ ફરીયાદથી તથા સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદનથી બિલકુલ વિપરીત હકિકતો જણાવે છે અને આમ, આ કામના આરોપીએ ફરિયાદી સાથે ઘરમાં પડેલ જુનો સામાન ભંગારમાં આપવા બાબતે ઝઘડો કરી, ફરિયાદીને ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી,જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકિકત પોતાની જુબાનીઓમાં જણાવતા નથી. ફરીયાદી અને સાહેદની જુબાનીઓ પરથી તેઓને આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકિકત ફલિત થાય છે, તેથી વિશેષ કોઈ હકિકત પુરવાર થતી નથી. આ કામના મહત્વના અને ઈજા પામનાર સાહેદ– ફરિયાદીએ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને બનાવ સમયે આ કામના આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયાનું જણાવે છે. આરોપીએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેનો સ્પષ્ટપણે ઈન્કાર

કરે છે. આમ, ફરિયાદીની જુબાની ઉપરથી એ હકીકત લેશમાત્ર પ્રસ્થાપિત થતી નથી કે, આ કામનાં આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને જેને કારણે ફરિયાદી ભયભીત થયેલ અને પોતાના રોજિંદા કાર્યોથી અળગા રહેલ. કેસના સંજોગો જોતાં, આ કામના આરોપીને તેમજ ફરીયાદીને ઘરમેળે સમાધાન થયેલ હોઈ, તેઓ તર્ફે સંયુકત રીતે આંક–૯ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. તેમજ આ કામે રજુ થયેલ આંક–૧૩ વાળુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ પંચ/સાહેદોના પુરાવાથી પુરવાર થતુ નથી. તે સંજોગોમાં, આ કામે તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદો–મૂળ ફરિયાદી તથા અન્ય બનાવ નજરે જોનાર સાહેદનો મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવા પરથી ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબના ગુનાના તત્વો પુરવાર થતા નથી. તપાસવામાં આવેલ ફરિયાદી તથા અન્ય બનાવ નજરે જોનાર સાહેદ જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ન હોય, ત્યારે અન્ય સાહેદોને તપાસવાથી ફરીયાદપક્ષના કેસના ગુણદોષમાં કોઈ ફરક પડતો હોવાનું જણાઈ આવતું નથી અને તેથી ફરીયાદી તર્ફે આપવામાં આવેલ આંક–૧૫ વાળી કલોઝીગ પુરસીસ રેકર્ડ કરી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. આ તબકકે ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં. ૮૫ ઉપર રીપોર્ટ થયેલ સતિષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર કોર્ટે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાક્ષીઓ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આવવા સંભવ નથી, તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનુ બંધ કરવુ જોઈએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતનો તે ચુકાદો કાળજીપૂર્વક અને સન્માનપૂર્વક વંચાણે લેતા તેમાં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તેનું હાર્દ એવુ જણાય છે કે, ચાર્જશીટમાં જણાવવામાં આવેલ તમામે તમામ સાક્ષીઓ જો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહિ, પરંતુ મહત્વના અને ચાવીરુપ સાક્ષીઓ તપાસાઈ ગયા પછી જો તેઓની જુબાનીના આધારે કેસનું ભાવી નકકી થઈ શકે તેવું અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ઔપચારિકતા જ છે. આ સિધ્ધાંત હાલના કેસમાં બંધ બેસતો અને યોગ્ય જણાય છે. હાલના કેસમાં મુળ ફરીયાદી કે જેઓ ભોગ બનનાર સાહેદ છે તથા અન્ય બનાવ નજરે જોનાર સાહેદો જ જયારે પોતાની

ફરીયાદ તેમજ પોલીસ રુબરુના નિવેદનથી વિપરીત હકિકતો પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવતા હોય ત્યારે અન્ય સાહેદો કે જેઓ ભોગ બનનાર નથી કે બનાવને નજરે જોનાર નથી તેઓની જુબાનીઓ નોંધી અદાલતનો કિંમતી સમય વેડફવામાં આવે તોપણ જયારે ભોગ બનનાર સાહેદ જ આરોપીઓ વિરુધ્ધની હકિકતો જણાવતા ન હોય ત્યારે અન્ય સાહેદોને તપાસવાથી કેસના ગુણદોષ ઉપર કોઈ ફરક પડતો હોવાનું જણાઈ આવતું નથી. આમ, ફરીયાદી તથા સાહેદોના મૌખિક પુરાવા પરથી કેસનું ભાવિ સ્પષ્ટ થઈ જાય છે અને અન્ય સાહેદો તપાસવાથી તેમાં કોઈ ફરક પડતો હોય તેવું જણાઈ આવતું નથી અને તેથી ફરીયાદીની પુરાવા બંધની પુરસીસના આધારે આ કેસનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આમ, આ કામે પડેલ ઉપરોકત પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**– :આખરી હુકમઃ –**

આ કામના આરોપી–**સંજયભાઈ ભાનુશંકરભાઈ દવે** રહે. 'સતી કૃપા', મેહુલ નગર શેરી નં.૬, કોઠારીયા રોડ, રાજકોટ વાળાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત તથા જાતમુચરકા રદ્ કરવામાં આવે છે.

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ હુકમ થયેથી છ માસ સુધી અમલમાં રહે એ રીતેના આપવા.

હુકમ આજ તા.૩૦ મી માહે માર્ચ, સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૧૮
સ્થળઃ રાજકોટ.

**(( નીતુ શર્મા ))**
૪ થા જયુડી.મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાજકોટ.
કોડ નં.GJ 01350